અપીલ અરજી નં.૩૭૯, તા.૩–૩–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૧–૧–૦૯ ની અરજીથી સીંગણપોર રોડ સીંગણપોર શાક માર્કેટની બાજુમાં ચાલતાં નવા બાંધકામ અંગેની મુદ્દા નં.૧ થી૬ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૭૯/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૧–૧–૦૯ ની અરજીથી સીંગણપોર રોડ સીંગણપોર શાક માર્કેટની બાજુમાં ચાલતાં નવા બાંધકામ અંગેની મુદ્દા નં.૧ થી૬ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનના પત્ર નં.એન.ઝેડ/આ/૭૯૮૬ તા.૧૧–૨–૦૯ થી આપેલ માહિતી ગોળ ગોળ જવાબ પાઠવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧૩ તા.૧૨–૩–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નોર્થઝોન/આ.નં.૯૨૮૬ તા.૨૧–૩–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારી કાયદા હેઠળ ફાઈલ અને રેકર્ડ થયેલ દફતરી માહિતી પુરી પાડવાની હોય છે જે અરજદારને આપવામાં આવેલ છે.

અરજદારની તા.૨૧–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં.૧ થી ૬ ની રજુઆત અંગે તે જ રીતે અપીલ પશ્ચાત અરજદારને પણ તા.૧૨–૩–૦૯ ના પત્રથી તેમની અપીલમાં કરેલ " ગોળ ગોળ જવાબ આપી માથાનો ભાર ઉતારેલ હોવાના" આક્ષેપ બાબતે દાવાના સમર્થનમાં આધાર પુરાવા કે વાજબીપણું રજુ કરવા જણાવવામાં આવેલ પરંતુ એવી કોઈ વિગતો અરજદારે પણ રજુ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને નોર્થઝોન/આ.નં.૭૯૮૬ તા.૧૧–૨–૦૯ થી નિયત સમય મર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ છે. આથી અપીલ અંગે કંઈ કરવાનું રહેતું નથી.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પુરી પાડવામાં આવેલ હોવાથી અપીલ અરજી અંગે માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી, કતારગામઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ